પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૨૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૪-૦૧-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## પટણાથી ગોવાહાટી જઈ રહેલ બીકાનેર એકસપ્રેસના ૧૨ ડબ્બા જલપાઈગુડીની પાસે પાટા પરથી ઉતરી ગયા : ૫ના મોત

કોલકતા,

બીકાનેર ગોવાહાટી એકસપ્રેસ બંગાળના ઉત્તરી ભાગમાં મૈનાગુરીની પાસે ડોમોહાનીની પાસે પાટા ઉપરથી ઉતરી ગયા હતાં ટ્રેન પટણાથી ગોવાહાટી જઈ રહી હતી.આ દુર્ઘટનામાં અત્યાર સુધી પાંચના મોત થયા છે જયારે અન્ય અનેક લોકોને ઈજા થઈ છે.આથી મૃત્યુ આંક વધે તેવી સંભાવના છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે વાત કરી ધટનાની માહિતી મેળવી હતી આ દુર્ઘટના કયાં કારણોસર બની તેવી હાલ માહિતી મળી શકી નથી ટ્રેનના પાંચથી છ ડબ્બા પુરે પુરા ઉલ્ટી પડયા હતાં.આ ઘટનાની માહિતી મળતા જ રાહત તથા બચાવની કામગીરી શરૂ કરવામાં આવી છે.ઈજા પામેલાઓને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.૩૦ એમ્બ્યુલન્સને ઘટના સ્થળે પહોંચાડવામાં આવ્યા છે.રેલવે કમિશ્નરે આ દુર્ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.



સુત્રોના જણાવ્યા અનુસાર સાંજે પાંચ વાગે દુર્ઘટના બની હતી ગોવાહાટી બીકાનેર એકસપ્રેસ ગુરૂવારે સાંજે પાંચ વાગે પાટા ઉપરથી ઉતરી ગઈ હતી. ૬ ડબ્બા એકદમ પ્રભાવિત થયા હતાં સ્થાનિક લોકોએ ડબ્બામાંથી ઈજા પામેલાઓને ડબ્બામાંથી બહાર કાઢયા હતાં અને નજીકની હોસ્પિટલમાં ઈજા પામેલાઓને મોકલવામાં આવ્યા છે.મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ દુર્ઘટનાની માહિતી મળતા જ અધિકારીઓને ધટના સ્થળે પહોંચવાના નિર્દેશ આપ્યા હતાં અને યાત્રીકોને હરસંભવ મદદ માટે પણ કહેવામાં આવ્યું હતું. સુત્રોના જણાવ્યા અનુસાર ૩૦૮ મુસાફરો ટ્રેનમાં સવાર હતાં. સુત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધી પાંચ લોકોના મોત નિપજયા હતાં અને ૧૨થી વધુ લોકોને ઈજા થઈ હતી.મુસાફરોના સંબંધીઓ માટે હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા હતાં. દુર્ઘટના ધુમ્મસને કારણે થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.રાહત બચાવ કાર્ય પણ શરૂ કરવામાં આવ્યું છે પરંતુ ઘટના સ્થળે અંધારૂ હોવાને કારણે કામ કરવામાં ખુબ મુશ્કેલીઓ આવી રહી હતી. રેલવેએ ૦૩૬૧૨૭૯૧૬૨૨, ૦૩૬૧૨૭૩૧૬૨૩ હેલ્પ જારી કરવામાં આવ્યા છે. એનડીઆરએફની બે ટીમોને પણ ધટના સ્થળે રવાના કરવામાં આવી હતી.

ટ્રેનમાં મુસાફરી કરી રહેલા યાત્રીકોએ જણાવ્યું હતું કે આંચકો આવ્યા બાદ ટ્રેનના ડબ્બા પાટા ઉપરથી ઉતરી ગયા હતાં. ટ્રેનમાં સવાર એક યાત્રીએ કહ્યું કે અચાનકથી આંચકો આવ્યો અને ટ્રેનની ડબ્બા પલ્ટી હયા હતાં. ટ્રેનના ૪થી ૫ ડબ્બા પુરી રીતે નુકસાનગ્રસ્ત થયા હતાં.

ટ્રેનની ધટનાની માહિતી મળતા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીથી માહિતી મેળવી હતી. હકીકતમાં આ ધટના ત્યારે થઈ જયારે મોદી દેશભરના મુખ્યમંત્રીઓની સાથે કોરોનાની સ્થિતિને લઈ બેઠક કરી રહ્યાં હતાં. આ બેઠકમાં મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ હાજર હતાં. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે પણ મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે વાતચીત કરી હતી.

## ગુજરાતનાં શહેરોમાં હાડ થિજવતી ઠંડી, આગામી સમયમાં હજુ પણ ઠંડીનો પારો ગગડવાની આગાહી

ગાંધીનગર,

રાજયમાં છેલ્લા ચારેક દિવસથી કાતિલ ઠંડી પડી રહી છે. હવામાન વિભાગે હજી આગામી બે દિવસો સુધીમાં ઠંડીમાં વધારો થવાની આગાહી કરી છે. બીજી બાજુ, હવામાન વિભાગે આગાહી કરી છે કે, આ વખતની ઉત્તરાયણમાં ઠંડીને કારણે પતંગરસિયાઓની સવારના સમયમાં મજા બગડી શકે છે. તેમજ ૧૪મી જાન્યુઆરીએ પવનની ગતિ સારી રહેવાથી પતંગ રસિયાઓની મજા બગડશે નહીં.



ઉત્તરાયણ પર્વના એક દિવસ પૂર્વે અમદાવાદ સહિત સમગ્ર રાજયમાં ફૂલ ગુલાબી ઠંડીનો અહેસાસ વર્તાઈ રહ્યો છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાનનો પારો ૯.૨ ડિગ્રી નોંધાયું હતું. જયારે રાજયના પાટનગર ગાંધીનગરમાં તાપમાનનો પારો ૮ ડિગ્રી નોધાયો હતો. તેમજ વડોદરામાં ૧૧.૩ ડિગ્રી, રાજકોટમાં ૧૨.૭ ડિગ્રી અને ભાવનગરમાં ૧૩ ડિગ્રીન નોધાયો હતો. આમ સમગ્ર રાજયમાં ઉત્તરીય પૂર્વીય પવનોના કારણે લઘુત્તમ તાપમાનનો પરો ૧૫ ડિગ્રીની આસ પાસ પહોંચવા પામ્યું હતું.

ગુજરાતભરમાં હજુ પણ ઠંડીનું જોર વધી શકે છે. આગામી ૪૮ કલાક રાજયમાં કોલ્ડવેવની શકયતા છે. અમદાવાદ, અમરેલી, કચ્છ અને બનાસકાઠામાં ઠંડી રહેશે. ૧૬મી જાન્યુઆરી સુધી રાજયમાં ઠંડા પવનો ફુંકાશે. હવામાન વિભાગે બે દિવસ યલો એલર્ટ જાહેર કર્યું છે.

## મકરસંક્રાંતિના દિવસે સમગ્ર ઉત્તર ભારતમાં પતંગ ઉડાવવાની પરંપરા છે

મકરસંક્રાંતિ ના દિવસે પતંગ ઉડાવવાની પરંપરા છે. લોકો પોતાના ઘરની છત પર રંગબેરંગી પતંગો ઉડાવતા જોવા મળે છે. પતંગ ઉડાવવાનો રિવાજ મકરસંક્રાંતિ સાથે જોડાયેલો છે. આ પરંપરા પાછળ પણ સારા સ્વાસ્થ્યનું રહસ્ય છુપાયેલું છે. વાસ્તવમાં મકરસંક્રાંતિના દિવસે લોકોના શરીરને સૂર્યપ્રકાશનો લાભ મળે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી આ દિવસે સૂર્યના કિરણોની અસર અમૃત સમાન છે, જે વિવિધ રોગોને દૂર કરવામાં અસરકારક છે. સૂર્યના કિરણો દવાનું કામ કરે છે : એવું કહેવાય છે કે શિયાળામાં આપણું શરીર ખાંસી, શરદી અને અન્ય ઘણા ચેપથી પ્રભાવિત થાય છે. મકરસંક્રાંતિના દિવસે સૂર્ય અસ્ત થાય છે. ઉતરતી વખતે સૂર્યના કિરણો માનવ શરીર માટે દવાનું કામ કરે છે. તેથી, મકરસંક્રાંતિના દિવસે આખો દિવસ પતંગ ઉડાડવાથી શરીર સતત સૂર્યના કિરણોના સંપર્કમાં રહે છે અને તે શરીરને સ્વસ્થ રાખે છે. માન્યતા અનુસાર આ દિવસે ભગવાન રામે પતંગ ઉડાવી હતી.: પ્રાચીન હિન્દુ માન્યતા અનુસાર, ત્રેતાયુગમાં મકરસંક્રાંતિના દિવસે ભગવાન રામે તેમના ભાઈઓ અને શ્રી હનુમાન સાથે પતંગ ઉડાવી હતી. અને ત્યારથી મકરસંક્રાંતિના દિવસે પતંગ ઉડાવવાની પરંપરા શરૂ થઈ. આ તહેવાર જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે. ત્યારે ઉજવવામાં આવે છે. મકરસંક્રાંતિના દિવસે સ્નાન, પૂજા અને દાનનું ખૂબ મહત્વ માનવામાં આવે છે.હાલમાં, ભારતમાં ૧૪ જાન્યુઆરીએ પતંગ ઉડાવવાનો રિવાજ છે. કેટલાક લોકો તેમના ઘરની છત પર પતંગ ઉડાવે છે અને કેટલાક સ્થળોએ સામૂહિક પતંગોત્સવનું પણ આયોજન કરવામાં આવે છે. આ દિવસે આખું આકાશ રંગબેરંગી અને સુંદર પતંગોથી ભરાઈ જાય છે.

## દેશમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૨ લાખથી વધુ કેસ

નવીદિલ્હી,

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના બે લાખ ૪૭ હજાર ૪૧૭ નવા કેસ નોંધાયા છે. જ્યારે અત્યાર સુધીમાં કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટના ૫૪૮૮ કેસ નોંધાયા છે. દેશમાં કોરોના વાયરસ રોગચાળાની ગતિ બેકાબૂ બની રહી છે. આ સાથે, કોરોનાના સૌથી ખતરનાક પ્રકાર ઓમિક્રોનના કેસ પણ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના બે લાખ ૪૭ હજાર ૪૧૭ નવા કેસ નોંધાયા છે. કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટના અત્યાર સુધીમાં ૫૪૮૮ કેસ નોંધાયા છે. દેશમાં દૈનિક પોઝિટિવિટી દર હવે ૧૩.૧૧% છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા વધીને ૧૧ લાખ ૧૭ હજાર ૫૩૧ થઈ ગઈ છે. માહિતી અનુસાર, ગઈકાલે ૮૪ હજાર ૮૨૫ લોકો સાજા થયા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં ૩ કરોડ ૪૭ લાખ ૧૫ હજાર ૩૬૧ લોકો ચેપ મુક્ત થઈ ગયા છે.

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ગુરુવારે ૨,૪૭,૪૧૭ નવા કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં ૫૦,૦૦૦ થી વધુ કેસના આ વધારા સાથે, ભારતે લગભગ આઠ મહિનામાં પ્રથમ વખત ૨ લાખ કેસનો આંકડો પાર કર્યો છે. રાજસ્થાનમાં બુધવારે લગભગ ૧૦,૦૦૦ નવા કેસ સાથે મોટા પ્રમાણમાં વધારો જોવા મળ્યો હતો જ્યારે યુપીના પ્રયાગરાજમાં માઘ મેળામાં ૩૮ દર્દીઓને કોરોના મળી આવ્યા છે.




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર-લુણાવાડા ખાતે જિલ્લા પંચાયતના હોલમાં યોજાયેલ સરકારી/ખાનગી તબીબોનો સેમિનાર કમ વર્કશોપ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
સિવિલ હોસ્પિટલ, અમદાવાદના મેડીસીન વિભાગના વડા અને ગુજરાત સરકારના કોવિડ વિષયક ખાસ ફરજના અધિકારી ડો. કમલેશ ઉપાધ્યાયે વૈશ્વિક કોરોના મહામારી વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિગતવાર જાણકારી આપી કોવિડને અનુરૂપ વ્યવહાર, માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને વારંવાર હાથ ધોવાનું નાગરિકો દ્વારા પાલન થાય તેની તકેદારી રાખવા તબીબોને જણાવ્યું હતું. તેમણે વધુમાં ઓક્સિજન, મેડીસીન સહિતના વિવિધ મુદ્દાઓ ઉપર વિગતવાર છણાવટ કરી જરૂરી એવી અગત્યની જાણકારી આપી હતી.

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતેના જિલ્લા પંચાયત હોલમાં તા.૧૨મીના રોજ ઢળતી સંધ્યાએ જિલ્લાના સરકારી તેમજ ખાનગી તબીબો સાથે યોજાયેલા સેમિનાર કમ વર્કશોપમાં ડો. કમલેશ ઉપાધ્યાયે હાલમાં કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે કેવાં પગલાં ભરવાં જોઇએ કે જેથી માનવ જિંદગીને બચાવી શકાય અને કોઇ જાનહાનિ ન થાય તેમજ કોરોનાના જે દર્દીઓની સારવાર કરવામાં આવે તેઓ ઝડપથી રીકવરી મેળવી સાજા થઇ જાય તે અંગે માર્ગદર્શન આપી હોમ આઇસોલેશનમાં રહીને સારવાર લઇ રહેલા દર્દીઓને સારવાર પર ભાર મૂક્યો હતો.

ડો. કમલેશ ઉપાધ્યાયે જિલ્લાના કોરોના વોરિયર્સ આરોગ્ય વિભાગના અધિકારીઓ, તબીબો તેમજ ખાનગી તબીબો સાથે કોવિડની ત્રીજી લહેરની સામે મક્કમતાથી લડવા માટે સજ્જતા કેળવવા પર સંવાદ સાધ્યો હતો.

ડો. ઉપાધ્યાયે જિલ્લા વહીવટી-આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લાના નાગરિકોને ૧૦૦ ટકા રસીકરણ કરીને જે સિધ્ધિ પ્રાપ્ત કરી છે તે બદલ અભિનંદન પાઠવી જિલ્લાના વહીવટી-આરોગ્ય તંત્ર દ્વારા સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા માટે કરવામાં આવેલ તૈયારીઓ અંગે સંતોષ વ્યકત કરી કોરોના અને ઓમીક્રોન વેરિયેન્ટ અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન પણ આપ્યું હતું.

જિલ્લા કલેકટર ડો. મનિષકુમારએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદના મેડીસીન વિભાગના વડા ડો. કમલેશ ઉપાધ્યાય દ્વારા કોરોના સામે સુજજતા કેળવવા માટે જે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તેનો તબીબો દ્વારા અમલ કરવામાં આવશે અને કોઇ જાનહાનિ નહીં થાય તેવો વિશ્વાસ વ્યકત કરી તબીબોને આ અંગે જો તેમના કોઇ પ્રશ્નો હોય તો તે પ્રશ્નો પૂછીને તેનું નિરાકરણ લાવવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીએ પ્રારંભમાં સૌને આવકારી મહીસાગર જિલ્લામાં આરોગ્ય કર્મયોગીઓએ જિલ્લામાં રસીકરણને પાત્રતા ધરાવતા તમામ નાગરિકોનું રસીકરણ થઇ જાય તેવો જાણે કે મંત્ર અપનાવ્યો હોય તેમ છેલ્લા સતત એક વર્ષ કરતાં વધુ સમયથી સતત રાત-દિવસ જોયા વગર નાગરિકોનું સો ટકા રસીકરણ થઇ જાય તે રીતે ભગીરથ કામગીરી પાર પાડી મહીસાગર જિલ્લામાં ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકો જે જેઓએ રસીનો પ્રથમ ડોઝ મૂકાવ્યો હતો તેવા ૮,૧૫,૯૦૪ નાગરિકોને સમયસર બીજો ડોઝ મૂકીને બંને ડોઝથી કોરોના સામે રક્ષિત કરવાના હતા તેની સામે ૮,૫૧,૬૪૮ નાગરિકોને બીજો ડોઝ આપીને ૧૦૫ ટકા સિધ્ધિ હાંસલ કરીને મહીસાગર જિલ્લાને ગૌરવ બક્ષ્યું હોવાની જાણકારી આપી હતી.

આ સેમિનાર કમ વર્કશોપમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ.બી.શાહ, આઇ.એમ.એ. સાથે સંકળાયેલા તબીબો, આરોગ્ય વિભાગના અધિકારીઓ, આયુષ તબીબો સહિત સરકારી તેમજ ખાનગી તબીબોએ હાજરી આપી હતી.

સેમિનાર દરમિયાન સરકારી અને ખાનગી તબીબોએ તેમને મૂંઝવતાં પ્રશ્નો રજૂ કર્યા હતા. જેનું અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડીસીન વિભાગના ડો. કમલેશ ઉપાધ્યાય દ્વારા સકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

### મહીસાગર જિલ્લાના રામ પટેલના મુવાડા ગામના

# વિજયભાઈ ભીખાભાઈ પટેલે શરીર માટે લાભકારક રતાળાંની ઓર્ગેનિક પદ્ધતિથી ખેતી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણા સ્ત્રોત



લુણાવાડા,
આજે માનવી પોતાની ભૌતિક સુવિધાઓ નો વ્યાપ વધારવા માટે કુદરતી વસ્તુઓની સાથે પ્રકૃતિનું નિકંદન કરી રહ્યો છે. જેના કારણે નવા-નવા પ્રકારના વાઈરસ હવા, પાણી અને ખોરાકને નુકશાન પહોંચાળી રહ્યા છે. તેના થકી શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ ઘટવા પામી છે અને જુદા-જુદા પ્રકારના રોગો પણ વધવા પામ્યા છે. તેને રોકવાં માટે માનવીએ આજુ-બાજુની તમામ કુદરતી વસ્તુનું જતન અને સાવર્ધન કરવું પડશે નહીં તો વિનાશ નક્કી છે. ત્યારે હજુ પણ ભીખાભાઈ પટેલ જેવા કેટલાય લોકો પ્રકૃતિના જતન અને કુદરતી ખેતી કરી સંસ્કૃતિનું જતન કરી રહ્યા છે.

લુણાવાડા તાલુકાનાં રામ પટેલના મુવાડા ગામના વતની વિજયભાઈ ભીખાભાઈ પટેલ ઓર્ગેનિક પદ્ધતિથી ખેતી કરી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે તેવા પ્રકારની ખેતી કરે છે. જેમાં શાકભાજી, ફ્રૂટ અને ન થતી ખેતી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ છે. ત્યારે પ્રગતિશીલ ખેડૂત વિજયભાઈ ભીખાભાઈ પટેલ દ્વારા પોતાના ૦૪ એકર ખેતરમાં ઓર્ગેનિક અને છાણીયા ખાતર દ્વારા બિલકુલ દેશી પદ્ધતિથી રતાળાંની ખેતી કરી ઉચ્ચ ગુણવતા યુકત પાક મેળવી સારી કમાણી સાથે લોકો તેના ફાયદા સમજી સેવન કરે અને તેનો ઉપયોગ વધે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. રતાળુ જમીનમાં થતું ફળ છે મુખ્યત્વે રતાળુ આફ્રિકા, દક્ષિણ અમેરિકા, વેસ્ટેનડિઝનું પ્રમુખ ભોજન ગણવામાં આવે છે અને ત્યાંના લોકો તેનું સેવન વધુ કરે છે.

ભારતમાં પણ તેની ખેતી અને તેનુ સેવન થાય છે, પણ લોકોને ખબર નથી કે તેનાં સેવનથી શું ફાયદા થાય છે. ત્યારે સૌથી વધુ લિજ્જત દાર ગણતાં સૂરતી ઊંધિયામાં તેનો વધુ ઉપયોગ થાય છે. ત્યારે ઉતરાયણ પર્વ નજીક આવતા વેપારીઓમાં રતાળુની માંગ વધવા પામી છે. જેના ફાયદા અને સ્વાદની દ્રષ્ટિએ તેનું દરરોજ સેવન કરવું ખૂબ લાભકારક છે. ગુજરાતનાં સૂરતી લોકો અવનવું ખાવાના શોખીન છે, ત્યારે તેમના સ્વાદમાં વધારો રતાળુ કરે છે. સૂરતી લોકો જે વાનગી ખાય છે તેમાં રતાળુ મુખ્ય છે. ઊંધિયું, સૂરતી લીલવા રતાળુ શાક, રતાળુ પૂરી ડુમસની પ્રખ્યાત, રતાળુ વડા, તેમજ ગુજરાતી ઉમડિયું, આ તમામ વાનગીમાં રતાળુ મહત્વનું છે અને આરોગ્યની દ્રષ્ટિએ તેનાં ફાયદા ખુબ છે. ચીન અને કોરિયામાં તેનો કાડો બનાવવામાં આવે છે અને તે ઉધરસ, શરદી, અને છાતીની બડતરામાં લાભ કારક છે. જેમાં વિટામિન બી-૬ અને વિટામિન-સી, વિટામિન-એ હોય છે. ફાઈબર વધુ હોવાથી પેટરોગ માટે લાભકારક થાઈરોડમાં તેનો પેસ્ટ લગાવવાથી સોજો ઉતરી જાય છે. તેમજ નિયમિત ૬ સપ્તાહ સુધી સેવન કરવાથી યાદ શક્તિ વધે છે. સુગરને કંટ્રોલ કરે છે. તેમજ વાળ અને ચામળી ને ચમકતી કરે છે અને મુખ્યત્વે તેનું સેવન કરવાથી કેન્સર જેવા ગભીર બીમારી સામે રક્ષણ આપે છે.

# લુણાવાડાના નાનાવડદલા શાળામાં પૂર્વ વિદ્યાર્થી દ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ



લુણાવાડા,
નાનાવડદલા પ્રા.શાળાના આચાર્ય મંગળભાઈ પ્રજાપતી એક અખબારી યાદીમાં જણાવે છે કે, પૂર્વ વિદ્યાર્થી શંકરલાલ ત્રિવેદી (૧૯૫૨ થી ૧૯૫૯) છેલ્લા છ વર્ષથી શાળાના ધોરણ ૧ થી ૮ના બધા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરે છે. તેમને તા. ૭-૧-૨૨ને શુક્રવારના રોજ શાળામાં આવીને બધા જ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ (નોટ, પેન, પેન્સિલ, રબ્બર, શાર્પનર)નું વિતરણ કર્યુ. સાથે સ્વામી વિવેદકાનંદના સંક્ષિપ્ત જીવન ચરિત્ર્યની બુક ધો. ૬ થી ૮ના બધાજ વિદ્યાર્થીઓને સુપ્રત કરી જણાવ્યું કે, ધ્યેય પ્રાપ્ત કરવા સદા કાર્યરત રહો વિદ્યાર્થી કાળમાં સદા ઉધ્યમ બની તમારા જીવનની અપેક્ષા પ્રાપ્ત કરતા સુધી સખત પરિશ્રમ કરવા અનુરોધ કર્યો.

શાળાના શિક્ષકો મંગળભાઈ, ભરતભાઈ, પ્રકાશકુમાર અને વાલી મિત્રોએ ઉપસ્થિત રહી શંકરલાલ ત્રિવેદીનો આભાર માન્યો. નાનાવડદલા અને મોટાવડદલા અને નંદદાર ત્રણે સ્થળો એ કીટનું વિતરણ કરવા બદલ પ્રત્યુતરમાં ત્રિવેદી એ જણાવ્યું કે, મારી માતૃ સંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓને મળવાનું થયું જેને હું મારું સદ્દભાગ્ય માનું છું. અને આ પ્રવૃતિ જીવત પર્યત્ત ચાલુ રાખી શકું તે માટે પ્રભુને સારા સ્વાસ્થ્યની માંગણી કરું છું.

# સંતરામપુર નગરમાં ઉત્તરાયણન પર્વને લઈ પતંગ દોરીની ઘરાકી નિકળતા વેપારીઓ ખુશ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં ઉતરાયણના છેલ્લા દિવસે પણ બજારોમાં ભીડ જોવા મળી હતી. સંતરામપુર નગરમાં ઉત્તરાયણના તહેવાર પર્વે પતંગ રસિયાઓ બજારોમાં દોરી પતંગની ખરીદી કરવા માટે આજે ભારે ભીડ જોવા મળી હતી. દોરી પતંગના વેપારીઓ ઘરાકી નીકળતા વેપારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. દરેક જગ્યાએ બજારના દરેક વિસ્તારોમાં ગોધરા ભાગોળ, મોટા બજાર, પ્રતાપુરા દરેક જગ્યાએ આજે પતંગ રસિયાઓ દોરી પતંગની ખરીદી કરવા માટે દુકાનોમાં ઉમટી પડ્યા હતા. આજે સંતરામપુર નગરમાં ભરચક અને તેજી જોવા મળી હતી. આ વખતે દોરી પતંગ ભાવમાં વધારો થાય પતંગ રસિયાઓ માંજો પીવાથી દોર ખરીદવા માટે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગયા વર્ષ કરતા આ વખતે દોરી પતંગમાં સૌથી વધારે તેજી અને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# મહિસાગર જીલ્લામાં આજરોજ ૨૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
મહિસાગર જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં આજરોજ ૨૮ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. સાથે જીલ્લામાં કોરોના એકટીવ દર્દીની સંખ્યા ૧૩૬ સુધી પહોંચી છે.

ગુજરાત રાજ્યમાં કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો નોંધાવા પામ્યો છે. તેમાં મહિસાગર જીલ્લો પણ બાકાત રહ્યો નથી. જીલ્લા છેલ્લા કેટલાક દિવસ થી પ્રતિદિન કોરોના સંક્રમણના કેસ વધી રહ્યો છે. જીલ્લામાં આજરોજ ૨૮ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેની સામે ૮ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૩૬ સુધી પહોંચી છે. જીલ્લામાં વધી રહેલા કોરોના સંક્રમણને લઈ જીલ્લા આરોગ્ય વિભાગ સર્તક બન્યું છે. લોકોને કોરોના ટેસ્ટ માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સનું પાલન કરવા અપીલ કરી છે. આરોગ્ય વિભાગ દ્વારા લોકોને કોરોના વેકસીનના પ્રથમ અને બીજો ડોઝ લઈ લેવા માટે અપીલ કરી છે. કોરોના સંક્રમણથી બચવાનો એક માત્ર ઉપાય માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરીને કોરોના સંક્રમણ થી બચી શકાય છે.

# રાજકીય-સામાજિક-શૈક્ષણિક-સાંસ્કૃતિક-ધાર્મિક કાર્યક્રમો સહિત લગ્ન પ્રસંગો માટે સમગ્ર મહીસાગર જિલ્લામાં લાગુ કરવામાં આવેલ નિયંત્રણો

લુણાવાડા,
વધતા જતા કોરોના સંક્રમણ અને ઓમિક્રોન વેરીયન્ટના વ્યાપને પગલે રાજ્ય સરકારે તા.૮મી જાન્યુઆરીથી અનિવાર્ય સંજોગોમાં છુટછાટ આપાવાની સાથે વધુ નિયંત્રણો અમલી બનાવ્યા છે. જેના અનુસંધાને રાજ્યમાં કોરોનાની વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા બાદ ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરીના હુકમથી મૂકવામાં આવેલ નિયંત્રણોમાં ફેરફાર કરવામાં આવેલ હોઈ મહીસાગર-લુણાવાડાના કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. મનીષકુમારએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪, ધી એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭, ધી ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ-૨૦૨૦ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૪થી મળેલ સત્તાની રૂએ તા. ૮મી જાન્યુઆરીથી મૂકવામાં આવેલ નિયંત્રણોમાં કેટલાંક ફેરફાર કરી નીચે મુજબના નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે. જયારે બાકીના નિયંત્રણો યથાવત રહેશે.

તદ્દઅનુસાર સમગ્ર મહીસાગર જિલ્લામાં તમામ પ્રકારના રાજકીય, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો ઉપર ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ બંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાના ૫૦ ટકા (મહત્તમ ૧૫૦ વ્યકિતઓની મર્યાદામાં) એકત્રિત થઇ શકાશે આજ રીતે લગ્ન પ્રસંગોમાં પણ ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ બંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાના ૫૦ ટકા (મહત્તમ ૧૫૦ વ્યકિતઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. જયારે લગ્ન પ્રસંગ માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ (DIGITAL GUJARAT PORTAL) પર નોંધણી કરાવવાની રહેશે. જયારે તા. ૮મી જાન્યુઆરીના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામની અન્ય જોગવાઈઓ પણ તા. ૨૨/૧/૨૦૨૨ના સવારના ૬-૦૦ કલાક સુધી યથાવત રહેશે.

આ જાહેરનામું તા. ૨૨/૧/૨૦૨૨ના સવારના ૬-૦૦ કલા સુધી અમલમાં રહેશે. આ હુકમ સરકારી કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પાસ ધરાવતા વ્યકિતઓ અને વાહનોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮, ધી એપેડેમીક ડીસીઝ એકટ, ૧૮૯૭, ધી ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨ની જોગવાઈઓ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમથી મહીસાગર જિલ્લામાં ફરજ પરના હાજર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

## હેલ્થ ટીપ્સ

# શિયાળામાં મૂળા ખાવાથી હંમેશા સુગર કંટ્રોલમાં રહેશ અને અનેક તકલીફોથી છૂટકારો મળશે



સ્વાદમાં તૂરો લાગતો મૂળો શિયાળો આવતાંની સાથે જ ઘરે-ઘરે પહોંચી જાય છે. પરંતુ જો તમે પણ મૂળાને જોઈને મોઢું બગાડતા હોવ છો તો તમારે તેના ફાયદા ચોક્કસ જાણવા જોઈએ. મૂળામાં ઔષધિક ગુણોનો ભંડાર રહેલો છે. જે તમને અઢળક ગંભીર બીમારીઓથી દૂર રાખે છે. મહત્વનું છે કે મૂળામાં રહેલાં ફાઈટોકેમિકલ્સ આપણને કેટલીય બીમારીઓથી દૂર રાખે છે.

શિયાળો આવતા જ શાકભાજી માર્કેટમાં મોસમી ફળો અને શાકભાજી આવી જાય છે. મોસમી ફળો અને શાકભાજીમાં મૂળાનો સમાવેશ થાય છે. મૂળાને કાચી, રાંધીને અને અથાણાના રૂપમાં પણ ખાઈ શકાય છે. મૂળામાં કેલ્શિયમ અને મેગ્નેશિયમ મળી આવે છે. તેને ખાવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. મૂળા ખાવાથી હૃદય રોગનો ખતરો ઓછો થાય છે અને લોહીનો પ્રવાહ સારો રહે છે. મૂળા ખાવાથી શું થાય છે ફાયદા જાણો

૧. ડાયાબિટીસનું જોખમ ઘટાડે છે-

મૂળામાં રાસાયણિક સંયોજનો હોય છે, જે લોહીમાં ખાંડના સ્તરને નિયંત્રિત કરે છે. મૂળા ખાવાથી શરીરમાં કુદરતી એડિપોનેક્ટીન (પ્રોટીન હોર્મોન) બને છે. શરીરમાં તેનું પ્રમાણ વધુ હોવાને કારણે શુગરનું સ્તર નિયંત્રણમાં રહે છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ પણ હોય છે, જેના કારણે ડાયાબિટીસ થતો નથી.

૨.લીવર માટે ફાયદાકારક-

મૂળામાં એવા સંયોજનો હોય છે જે લીવરને ડિટોક્સિફાય કરવામાં અને તેને નુકસાનથી બચાવવામાં મદદ કરે છે.

૩.હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક-

મૂળામાં એન્ટીઓક્સીડેન્ટ અને કેલ્શિયમ અને પોટેશિયમ જેવા મિનરલ્સ હોય છે. તે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે અને હૃદય રોગના જોખમને અટકાવે છે. મૂળા કુદરતી નાઈટ્રેટ્સનો પણ સારો સ્ત્રોત છે જે રક્ત પ્રવાહમાં સુધારો કરે છે.

૪.કેન્સરથી બચાવે છે-

મૂળા ગ્લુકોસિનોલેટ્સમાં સમૃદ્ધ છે-એક સલ્ફર સંયોજન જે કોષોને આનુવંશિક પરિવર્તનથી રક્ષણ આપે છે જે કેન્સરનું કારણ બને છે. એટલું જ નહીં, તે ગાંઠના કોષોને પણ બનવા દેતું નથી.

૫.પાચનમાં મદદરૂપ-

મૂળામાં ફાયબર હોય છે, જે ખોરાકને પચાવવામાં મદદરૂપ હોય છે. મૂળો ખાવાથી અપચો કે કબજિયાત થતી નથી.

# ૧૪ અને ૧૫ જાન્યુઆરીએ આ ઉપાય કરવાથી શુભ ફળ અને પરેશાનીઓ દૂર થશે



શુક્રવાર, ૧૪ જાન્યુઆરીની રાત્રે લગભગ ૯ વાગ્યે, સૂર્ય ધનુરાશિમાંથી નીકળીને મકર રાશિમાં પ્રવેશ કરશે. તેથી, બીજા દિવસે એટલે કે ૧૫ જાન્યુઆરી, શનિવાર તેના પુણ્યકાળ તરીકે ગણવામાં આવશે. આ જ કારણ છે કે આ વખતે મકરસંક્રાંતિનો તહેવાર ૧૪ અને ૧૫ જાન્યુઆરી બંનેએ મનાવવામાં આવશે.

મકરસંક્રાંતિ પર પવિત્ર નદીઓમાં સ્નાન, પૂજા અને દાનનું વિશેષ મહત્વ છે. મકરસંક્રાંતિ ૨૦૨૨ ના દિવસે, સવારે સ્નાન કર્યા પછી, સૂર્ય ભગવાનને અર્ઘ્ય અર્પણ કરતી વખતે ઘણી વસ્તુઓનું દાન કરવામાં આવે છે. આગળ જાણો કે મકરસંક્રાંતિ પર કેટલીક વસ્તુઓનું દાન કરવું ખૂબ જ શુભ અને ફળદાયી માનવામાં આવે છે.

તલનું દાન

મકરસંક્રાંતિ પર સૌથી વધુ તલનું દાન કરવાની પરંપરા છે. મકરસંક્રાંતિને શાસ્ત્રોમાં તિલ સંક્રાંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. કાળા તલ અને તલથી બનેલી વસ્તુઓનું દાન કરવાથી પુણ્ય લાભ મળે છે. ખાસ કરીને શનિદેવને પ્રસન્ન કરવા માટે તલનું દાન કરવામાં આવે છે. આ સિવાય સૂર્યદેવ અને ભગવાન વિષ્ણુ પણ તલનું દાન કરવાથી પ્રસન્ન થાય છે.

મકરસંક્રાંતિને ખીચડી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ખીચડીનું દાન અને ખીચડી બનાવવાથી વિશેષ પુણ્ય મળે છે. મકરસંક્રાંતિ પર ખીચડીના રૂપમાં ચોખા અને કાળા અડદની દાળનું દાન કરવામાં આવે છે. કાળા અડદનું દાન કરવાથી શનિદેવ પ્રસન્ન થાય છે, જેના કારણે વ્યક્તિમાંથી શનિદોષ દૂર થાય છે અને ચોખાનું દાન કરવાથી અક્ષય ફળ મળે છે.

મકરસંક્રાંતિ પર ગોળનું દાન કરવાથી અને ગોળથી બનેલી વસ્તુઓ ખાવાથી વિશેષ લાભ થાય છે. જ્યોતિષશાસ્ત્રમાં ગોળનો સંબંધ સૂર્ય ગ્રહ સાથે છે. મકરસંક્રાંતિ પર ગોળનું દાન કરવાથી સૂર્યદેવ પ્રસન્ન થાય છે.

જન્મકુંડળીમાંથી શનિ અને રાહુના દોષોને દૂર કરવા માટે મકરસંક્રાંતિ પર ઊની વસ્ત્રોનું દાન કરવું પણ ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ દિવસે કોઈપણ ગરીબ જરૂરિયાતમંદને અથવા કોઈપણ આશ્રમમાં વૂલન કપડાં, ધાબળા અવશ્ય દાન કરવા જોઈએ.

મકરસંક્રાંતિના દિવસે દેશી ઘી અને તેમાંથી બનેલી મીઠાઈનું દાન કરવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. ઘીનો સંબંધ ગુરુ અને સૂર્ય સાથે છે, આ કારણથી માન-સન્માન, કીર્તિ અને ભૌતિક સુવિધાઓ મેળવવા માટે મકરસંક્રાંતિ પર દેશી ઘીનું દાન કરવામાં આવે છે.

મકરસંક્રાંતિના દિવસે પક્ષીઓને અનાજ ખવડાવવું શુભ માનવામાં આવે છે. આ દિવસે ગાયને લીલો ચારો ખવડાવવાથી પુણ્ય મળે છે.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : માનસિક શાંતિનો અહેસાસ થશે, આજે ખર્ચનું પ્રમાણ અધિક જણાશે, નોકરીમાં પ્રગતિ જણાશે,વ્યયસાયમાં ધનલાભ થાય.

વૃષભ (બ.વ.ઉ.) : માનસિક પરેશાની જણાશે, કામમાં વધારે મહેનત કરવી પડશે, ધંધામાં સામાન્ય ફાયદો જણાશે, નાણાકીય તંગી અનુભવશો.

મિથુન (ક.છ.ઘ.) : કરેલો પુરુષાર્થ ફળદાયી બનશે, મોટા માણસોની ઓળખાણથી લાભ થાય, પરેશાનીઓમાંથી મુક્તિ મળે, ધંધામાં નવી આવક મળે.

કર્ક (ડ.હ.) : નવા કામકાજથી લાભ થાય,નજીકના સંબંધીથી સહયોગ મળશે, પ્રમોશન અથવા પગાર વધારાની તકો મળે, ધંધાકીય આવકમાં વધારો જણાશે.

સિંહ (મ.ટ.) : કામકાજમાં વ્યવહારું બનો, ધીરજથી કામની શરૂઆત કરવી, પરિવારમાં વૈચારિક મતભેદ રહેશે, માનસિક તનાવ જણાય.

કન્યા (પ.ઠ.ણ.) : કામની સફળતા માટે સંઘર્ષ કરવો પડે, સ્વજનોથી પરેશાની રહેવા સંભવ છે, સંતાનોથી સારો લાભ જણાશે, નાના-મોટા રોકાણ માટે સાચવવું.

તુલા (ર.ત.) : અગત્યના કામને પ્રાધાન્ય આપો, રોજગાર માટે નવી તકો વિચારો, બુદ્ધિશક્તિનો ઉપયોગ કરી શકો, મહેનત કરશો તો સારું ફળ મળશે.

વૃશ્ચિક (ન.ય.) : કરજમાંથી મુક્તિ અથવા રાહત મળે, શેરબજારમાં સારો લાભ થશે., વ્યવસાયમાં નવા કોન્ટ્રાકટ મળશે, યાત્રા-પ્રવાસના કામથી લાભ થાય.

ધન (ભ.ધ.ફ.ઢ.) : સંતાન વિષયક તકલીફ જણાય, મહત્વના કામમાં વિલંબ સૂચવાય, સ્વાસ્થ્ય બાબતે સાચવવું, વ્યવસાયમાં નવી તકો મળશે.

મકર (ખ.જ.) : ધાર્મિક કામકાજમાં રુચિ વધે, માનસિક બેચેની રહ્યા કરે, નોકરીયાત વર્ગને ખર્ચમાં વધારો થશે, ઘરમાં સામાન્ય અશાંતિ જણાય.

કુંભ (ગ.શ.ષ.સ.) : આવડતના ઉપયોગથી લાભ થાય, આર્થિક બાબતોમાં નવી તકો મળે, ધારેલા કામકાજમાં સફળતા મળે, વડીલો સાથે વૈચારિક અસમાનતા રહે.

મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક અશાંતિ અનુભવશો, ધન સંબંધી ચિંતા અનુભવશો, ભાગીદારીવાળા કામમાં સાચવીને કામ કરવું, કામના પ્રમાણમાં ઓછું ફળ મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દે.બારીઆ તાલુકાના રેબારી ગામનાં પતિના આપઘાત પ્રકરણમાં

# ગ્રામજનોએ આરોપીઓને વહેલી તકે ઝડપી પાડવા આવેદનપત્ર અપાયું

- પોલીસ ફરિયાદ નોંધાતા પત્ની સહિત સાસરિયાઓ તેમજ પ્રેમી ફરાર.
- પતિના આપઘાત પ્રકરણમાં ત્રણ દિવસ થવા છતાં પણ આરોપીઓ પોલીસ પકડથી દૂર.
- રાજકીય વગ ધરાવતા સાસરીયા ઓ ને પોલીસ પકડવામાં નિષ્ફળ કે પછી ભીનુ સંકેલાતુ હોઈ તેમ.
- સમાજ મા આગેવાન તેમજ રાજકીય વગ ધરાવતા આ સાસરિયાઓના કૃત્યથી સમાજમાં રોષ.
- રાજકીય વગ ધરાવતા આ યુવક ના સાસરિયાઓને પોલીસ પકડશે ખરી?



દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના રેબારી ગામના યુવકના આપઘાત પ્રકરણમાં ત્રણ દિવસ થવા છતાં પણ આરોપીઓ પોલીસ પકડથી દૂર ગ્રામજનોએ આવેદનપત્ર આપી આરોપીઓને વહેલી તકે ઝડપી પાડવાની માંગ ગ્રામજનો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ચીમકી ફરાર પત્નિ સહીત સાસરિયાંઓ તેમજ પ્રેમીને ઝડપી પાડવામાં પોલિસ સફળ થશે કે કેમ જેવા અનેક સવાલો.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીઆ તાલુકાના રેબારી ગામના ૨૯ વર્ષ વર્ષ દિલીપભાઈ ભેમાભાઈ પટેલ ભુતિયા ગામની હિરલ જશવંત પટેલ સાથે છ માસ અગાઉ સમાજના રીતિરિવાજ મુજબ લગ્ન થયા હતા અને લગ્નના ટૂંક સમયમાં જ પત્નીના અન્ય યુવક સાથેના પ્રેમ પ્રકરણને લઈ પત્નિ તેમજ સાસરિયાઓ દ્વારા યુવક દિલીપને શારીરિક માનસિક ત્રાસ આપી મરવા માટે તેને મજબૂર કરતા ચાર માસ સુધી સતત અત્યાચાર તેમજ માનસિક ત્રાસથી વાજ આવેલા દિલીપ ભાઈ પટેલે આખરે મોતને વ્હાલું કરવા માટે તા. ૬જાન્યુઆરીના રોજ વહેલી સવારે સુસાઈડ નોટ લખી પોતાનાં મોબાઈલથી વોટ્સેપમાં મોકલી આપી ઝેરી દવા ગટગટાવી લેતા દિલીપ પટેલનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. જેને લઈ દિલીપભાઈ પટેલના મોટાભાઈ પર્વતભાઈ ભેમાભાઈ પટેલ સુશાઈડ નોટ સાથે દિલીપના સસરા જશવંત પટેલ, રતનસિંહ કાળુભાઈ પટેલ, રંગીતસિંહ કાળુભાઈ પટેલ, જનકભાઈ રણજીતસિંહ પટેલ, હર્ષદભાઈ રતનસિંહ પટેલ તેમજ તેની પત્ની હિરલબેન તેમજ હીરલનો પ્રેમી વિશાલ જે પંચેલા ગામનો છે. તેની વિરૂદ્ધ ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ત્યારે આ દિલીપની પત્ની તેમજ સાસરિયા સહિત હીરલનો પ્રેમી વિશાલ તમામને આ ફરિયાદ અંગેની જાણ થતાં તમામે તમામ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. હાલમાં આ બનાવને ત્રણ દિવસ થવા છતાં પણ દિલીપ પટેલના સાસરિયાઓ પત્ની કે પછી તેના પ્રેમી પોલીસ પકડથી દૂર રહેતા મરણ જનાર દિલીપ પટેલના રેબારી ગામના આગેવાનો સહિત ગ્રામજનો તેમજ તાલુકાના બક્ષીપંચ મોરચાના કેટલાક યુવાનો મોટી સંખ્યામાં એકત્ર થઈ દેવગઢબારીઆ પ્રાંત અધિકારીને લેખિતમાં આવેદનપત્ર આપી દિલીપ પટેલને મરવા માટે પ્રેરનાર એવા દિલીપ પટેલના સાસરીયાઓ જશવંત પટેલ, રતનસિંહ કાળુભાઈ પટેલ, રંગીતસિંહ કાળુભાઈ પટેલ, જનકભાઈ રણજીતસિંહ પટેલ, હર્ષદભાઈ રતનસિંહ પટેલ તેમજ તેની પત્ની હિરલબેન તેમજ હીરલનો પ્રેમી વિશાલ જે પંચેલા ગામનો છે. તેની વહેલી તકે ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગ કરવામા આવી છે. ત્યારે મોટી સંખ્યામાં એકત્ર થયેલા ગ્રામજનો તેમજ બક્ષીપંચ સમાજના આગેવાનો દ્વારા તેઓ પણ જણાવવામાં આવ્યું હતું કે, જો આ લોકોની વહેલી તકે ધરપકડ કરવામાં નહીં આવે તો આવનાર દિવસમાં ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવશે અને સાથે ગાંધી ચીંધ્યા માર્ગે જવાની પણ ચિમકી ઉચ્ચારી છે. ત્યારે હાલ પોલીસ પકડથી દૂર રહેલા દિલીપ પટેલના સાસરિયાઓને પોલીસ વહેલી તકે પકડશે કે પછી ભીનું સંકેલી લેશે તેવા પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે. ત્યારે હાલ પિપલોદ પંથકમાં દિલીપ પટેલના સાસરિયાઓ વિરૃધ્ધ લોકોમાં રોષ ફેલાયેલો જોવા મળી રહ્યો છે. ત્યારે પોલીસ દ્વારા આ ફરાર થયેલા દિલીપ પટેલની પત્ની તેમજ તેના સાસરિયાઓ સહિત તેના પ્રેમીને વહેલી તકે ઝડપી પડશે કે કેમ તે જોવાનુ રહ્યું.

## દાહોદ જિલ્લામાં સઘન રીતે ચાલી રહ્યું છે કોરોના સામે વેક્સિનેશન અભિયાન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોના સંક્રમણને રોકવા વેક્સિન એ સૌથી અસરકારક ઉપાય રહ્યો છે. દાહોદ જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષ સુધીના તરૂણોને પણ કોરોના રસીકરણ અભિયાન સઘન રીતે ચાલી રહ્યું છે. તેમજ કોરોનાની લડાઈમાં હેલ્થ કેર વર્કસ અને ફ્ન્ટલાઈન વર્કસ તથા ૬૦ કે તેથી વધુ વયના વડીલોને જેમણે પ્રથમ અને બીજો ડોઝ લઈ લીધો છે તેમને પ્રીકોશન ડોઝ પણ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

દાહોદ જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષના ૭૧,૫૮૯ તરૂણોને વેક્સિનનો પ્રથમ ડોઝ અપાયો છે. જયારે આ માટેનો લક્ષ્યાંક ૧,૭૪,૯૩૦ છે એટલે કે ૪૦.૯૨ ટકા તરૂણોએ વેક્સિનનો પ્રથમ ડોઝ મેળવી લીધો છે. આથી સમજી શકાય છે કે જિલ્લામાં તરૂણ વયના છોકરા–છોકરીઓએ વેક્સિન લેવાનો સારો એવો ઉત્સાહ છે.

જિલ્લામાં હેલ્થ કેર વર્કસ અને ફ્ન્ટલાઈન વર્કસ તથા ૬૦ કે તેથી વધુ વયના વડીલોને જેમણે પ્રથમ અને બીજો ડોઝ લઈ લીધો છે તેમને પ્રીકોશન ડોઝ આપવામાં આવી રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૫૦૬ હેલ્થ કેર વર્કસ તેમજ ૩૯૦૯ ફ્ન્ટલાઈન વર્કસને પ્રીકોશન ડોઝ આપવામાં આવ્યા છે. લક્ષ્યાંકની ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો અનુક્રમે હેલ્થ કેર વર્કસને ૪૯.૦૧ ટકા તેમજ ફ્ન્ટલાઈન વર્કસને ૧૫.૦૧ ટકા પ્રીકોશન ડોઝ અપાયા છે.

જયારે જિલ્લામાં ૬૦ કે તેથી વધુ ઉંમરના ૯૭૩૭ વડીલોને પ્રીકોશન ડોઝ આપવામાં આવ્યો છે. જિલ્લાના ૨,૨૨,૫૫૮ વૃદ્ધોને પ્રીકોશન ડોઝ આપવાનું લક્ષ રાખવામાં આવ્યું છે એટલે કે અત્યાર સુધીમાં ૪.૩૮ ટકા વૃદ્ધોને ડોઝ અપાયો છે.

કોરોનાની સંભવિત ત્રીજી લહેરને રોકવા માટે સૌ કોઈ વેક્સિનથી સુરક્ષિત થાય એ ખૂબ જ જરૂરી છે અને રાજ્ય સરકારના કોરોના સામેના વેક્સિનેશન અભિયાનમાં સૌ નાગરિકો સહયોગ આપે એ પણ એટલું જ મહત્વનું છે. કોરોના સામે સૌથી વધુ સંવેદનશીલ એવા આરોગ્યકર્મીઓ તેમજ વડીલો પ્રીકોશન ડોઝ લઈને પોતાને કોરોના સામે વધુ સુરક્ષિત બનાવે તે પણ અત્યારનાં સમયની માંગ છે. ૧૫ થી ૧૮ વર્ષના તરૂણો પણ સત્વરે વેક્સિન લઈ લે અને કોરોના સામે મક્કમ લડાઈ આપે.

## દાહોદ જીલ્લામાં બે વાહન અકસ્માતના બનાવમાં ચાર વ્યક્તિને ઈજાઓ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતને બનેલા બે બનાવોમાં ચારથી વધુ વ્યકિતઓને શરીરે ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના માંડવ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૧મી જાન્યુઆરીના રોજ એક ઈક્કો ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ દેવગઢ બારીઆ તાલુકાના બામરોલી ગામે મુવાડા ફળિયામાં રહેતાં બળવંતસિંહ નાનજીભાઈ બારીયાની મોટરસાઈકલને ટક્કર મારતાં બળવંતભાઈ તથા તેમની પાછળ બેઠેલ મુળીબેનને બંન્ને મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાતાં તેઓને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં જયારે અકસ્માત સર્જી ઈક્કો ફોર વ્હીલર ગાડીનો ચાલક નાસી ગયો હતો. આ સંબંધે ઈજાગ્રસ્ત બળવંતસિંહ નાનજીભાઈ બારીયાએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના કાળીમહુડી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૨મી જાન્યુઆરીના રોજ બનાવ પામ્યો હતો. જેમાં એક અજાણ્યા ટ્રેલરના ચાલકે પોતાના કબજાનું ટ્રેલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે તેની આગળ પસાર થઈ રહેલ એક ફોર વ્હીલર ગાડી અને એક ટ્રેક્ટર આ બંન્ને વાહનોને ટ્રેલરના ચાલકે અડફેટમાં લેતાં ટ્રેક્ટરમાં સવાર કસુભાઈ, તાનસીંગભાઈ તથા ફોર વ્હીલર ગાડીમાં સવાર ચાલકને ઈજાઓ પહોંચાડી ટ્રેલરનો ચાલક પોતાના કબજાનું ટ્રેલર લઈ નાસી જતાં આ સંબંધે ઝાલોદ તાલુકાના કાળીમહુડી ગામે રવજી ફળિયામાં રહેતાં શાંતિભાઈ તેરસીંગભાઈ મહિડાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદન આપી કોરોનામાં મૃતક પરિવારોને વળતર ચુકવવા માંગ




દાહોદ,

દાહોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ દાહોદ મામલતદારને આવેદનપત્ર આપી કોરોના કાળમાં મૃત્યુ પામેલ વ્યક્તિઓના વળતર ચૂકવવા તેમ જ અન્ય મુદ્દાઓ સાથે આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

દાહોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ મામલતદારને આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યાનુસાર, કોરોના મહામારીની અંદર મૃત્યુ પામેલા લોકોને ચાર ચાર લાખની સહાય સરકાર દ્વારા આપવામાં આવે કોવિડ ગ્રસ્ત તમામ દર્દીઓનું તમામ મેડીકલ બિલની ચુકવણી કરવામાં આવે, ગુજરાતમાં દવા ઈન્જેકશન વેન્ટિલેટરના ભાવના કારણે ત્રણ લાખ લોકોના મોત થયા છે. તેવા આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નવનિયુકત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદ નીનામા, દાહોદના પૂર્વ સાંસદ ડોક્ટર પ્રભાબેન તાવિયાડ અને ભરતભાઈ વાખડા ઊપસ્થિત રહયા હતાં. મામલતદાર કચેરી બહાર કોંગ્રેસના અગ્રણીઓ સહિત કાર્યકરોએ ભારે સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. કોરોના કાળ દરમ્યાન મૃત્યુ પામેલ વ્યકિતઓ તેમજ સરકારી કર્મચારીઓને વળતર ચૂકવવામાં આવે તેવી માંગણી અને લાગણી સાથે કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ મામલતદારને આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરી હતી.

## ગરબાડાના જેસાવાડા ગામેથી બોલેરો પીકઅપમાં લઈ જવાતો ૫.૭૬ લાખનો ઈંગ્લીશ દારૂ ચાલકને LCB એ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામેથી દાહોદ એલ.સી.બી. પોલીસે એક બોલેરો પીકઅપ ગાડીમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ. ૧૨૦ જેમાં બોટલો નંગ. ૪૫૬૦ કિંમત રૂા.૫,૭૬,૦૦૦ના જંગી પ્રોહીના જથ્થા સાથે ચાલકની અટક કરી બોલેરો ગાડી તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૮,૩૧,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૨મી જાન્યુઆરીના રોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે જેસાવાડા ગામે બાવકા ચોકડી ખાતે વોચ ગોઠવી ઉભી હતી. તે સમયે ત્યાંથી એક બોલેરો પીકઅપ ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસે તેના ચારેય તરફથી ઘેરી લીધી હતી અને ગાડીની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે બોલેરો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ. ૧૨૦ જેમાં બોટલો નંગ. ૪૫૬૦ કિંમત રૂા. ૫,૭૬,૦૦૦ના જંગી પ્રોહી જથ્થા સાથે ગાડીના ચાલક કરણભાઈ મીઠાભાઈ ભાભોર (રહે. પુંસરી, ડાહ્યાં ફળિયું, તા.જિ.દાહોદ)ની અટકાયત કરી તેની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો વિજયભાઈ પલાસ (રહે. માતવા, તા. ગરબાડા,જિ.દાહોદ) નાની માલિકીની ઉપરોક્ત બોલેરો ગાડીમાં તેણે મધ્યપ્રદેશના પીટોલના ઠેકા ઉપરથી ભરાવી આપી અને પોતાની અન્ય એક સ્વીફ્ટ ફોર વ્હીલર ગાડી લઈ પાયલોટીંગ કરી આ વિદેશી દારૂનો જથ્થો માતવા ગામે પહોંચાડવાનો હતો, તેમ ઝડપાયેલ ચાલકે જણાવ્યું હતું. પોલીસે ઝડપાયેલ ચાલક કરણભાઈ મીઠાભાઈ ભાભોરની અંગ ઝડપીમાંથી એક મોબાઈલ ફોન કિંમત રૂા.૫,૦૦૦ અને ગાડીની કિંમત મળી કુલ રૂા. ૮,૩૧,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી દાહોદ એલ.સી.બી. પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


## દાહોદ તાલુકાની વણભોરી અને ખેંગ ગ્રામ પંચાયતમાં પંચાયત બોડી નિમણૂંક ન કરવા TDO ને રજુઆત

દાહોદ,

દાહોદ તાલુકામાં આવેલ વણભોરી ગ્રામ પંચાયત અને ખેંગ ગ્રામ પંચાયતમાંથી બે અરજદારો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી આ બંન્ને ગ્રામ પંચાયતોમાં જીતેલા જાહેર કરેલ સરપંચ દ્વારા પંચાયત બોડીની નિમણુંક ન કરે તથા તે અન્વયે પંચાયતની કામગીરી ન કરવા બાબત રજુઆત કરી છે.

વણભોરી ગ્રામ પંચાયત અને ખેંગ ગ્રામ પંચાયતના જાગૃત નાગરિક એવા મકનાભાઈ વસનાભાઈ બારીયા તથા મમતાબેન પપ્પુભાઈ ડાંગી દ્વારા દાહોદ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી છે કે, આ ગ્રામ પંચાયતમાં મતદારની મતગણતરી ચુંટણી અધિકારી દ્વારા નિષ્પક્ષ અને યોગ્ય રીતે કરેલ નથી અને મત ગણતરી દરમ્યાન માત્ર જુજ વોટથી જીતેલા હોવાથી જણાવ્યું હતું. જીતેલા ઉમેદવારને મદદરૂપ થાય તે રીતે મતગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને ગુજરાત પંચાયત ઈલેક્શન રૂલ ૬૦ તથા ૬૧નું ઉલ્લંઘન કરેલ અને પોતાને મોટો ફટકો પડ્યો હોવાથી અને પોતાને અન્યાય થયો હોવાનું જાગૃત નાગરીક દ્વાર લેખિત અરજીમાં જણાવ્યું હતું માટે જીતેલા સરપંચ દ્વાર બોડી રચી કામગીરી કરવામાં આવે તો પોતાને અન્યાય થાય તેમ હોવાથી પોતે આ લેખિત અરજી દાહોદ તાલુકા વિકાસ અધિકારીને કરી હતી.

## લીમખેડા તાલુકામાં કોરોના વકરતા શિક્ષકો દ્વારા ફરી શેરી શિક્ષણ શરૂ કરાયું



લીમખેડા,

લીમખેડા તાલુકાની પ્રા.શાળાઓમાં કોરોના કેસ વધતા શાળાઓમાં બાળકોને આવવાનું બંધ થતાં તાલુકાની શાળાઓમાં બાળકોના ભણતરમાં લર્નિંગ લોશ થતું હોય શાળાના શિક્ષકો દ્વારા ગામડાઓમાં ફળીયે–ફળીયે જઈ બાળકોને પ્રવૃતિમય અને આનંદદાય શિક્ષણ આપી રહ્યા છે. ત્યારે મંદિરના ઓટલા ઉપર ખેતરોમાં તેમજ ફળીયાઓમાં ખુલ્લી જગ્યાઓમાં કોવિડ–૧૯ની ગાઈડ લાઈન મુજબ શિક્ષક મિત્રો દ્વારા બાળકોને શિક્ષણ આપવાનું પ્રસંશનિય કામગીરી કરી રહ્યા છે. સાથે દાહોદ જીલ્લા પ્રા.શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ એફ.એલ.એન. વાંચન લેખન ગણન પુસ્તીકા પણ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાના સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૩૯ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે રેકોર્ડ બ્રેક ૩૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયાં છે. દિનપ્રતિદિન દાહોદ જિલ્લામાં વધતાં કોરોના પોઝીટીવ કેસોને પગલે લોકોમાં એક પ્રકારનો ફફડાટ સહિત ચકચાર વ્યાપી જવા પામ્યો છે. દાહોદ જિલ્લામાં વધતાં જતાં કોરોના પોઝીટીવ કેસોને પગલે આરોગ્ય તંત્ર સમેત જિલ્લા વહીવટી તંત્રએ હવે કડક પગલાં લેવા અનિવાર્ય બન્યાં છે કારણ કે, દિનપ્રતિદિન અને કુદકેને ભુસકે વધતાં કોરોના પોઝીટીવ કેસોને પગલે જિલ્લાવાસીઓમાં એક પ્રકારનો ચિંતાનો માહોલ પણ જોવા મળી રહ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૧૯૦૭ પૈકી ૨૪ અને રેપીટ ટેસ્ટના ૬૦૮ પૈકી ૧૫ મળી આજે ૩૯ કોરોના પોઝીટીવ કેસો નોંધાંયાં છે. ખાસ કરીને દાહોદ અર્બન વિસ્તારમાં કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે.તે એક ચિંતાનો વિષય છે. આજના ૩૯ પૈકી ૨૫ કોરોના પોઝીટીવ કેસો દાહોદ અર્બન વિસ્તારમાંથી સામે આવ્યાં છે. ત્યારે દાહોદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૦૪, ઝાલોદ અર્બન વિસ્તારમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૦૬, દેવગઢ બારીઆ ગ્રામ્ય વિસ્તારમાંથી ૦૨ અને સીંગવડમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૫ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં કોરોનાનો અત્યાર સુધીનો કુલ આંકડો ૭૩૭૦ અને એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૮૩ને પાર થઈ ગઈ છે.

## દાહોદના બોરડી ઈનામી ગામે બાઈક ઉપર લઈ જવાતો ૨૭ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના બોરડી ઈનામી ગામેથી પોલીસે બે યુવકોને વિદેશી દારૂની હેરાફેરી કરતાં ઝડપી પાડી તેઓની પાસેથી એક ટુ વ્હીલર વાહન સાથે વિદેશી દારૂનો કુલ રૂા.૨૭,૦૬૦નો જથ્થો ઝડપી પાડી તપાસ હાથ ધરી છે. ગત તા.૧૨મી જાન્યુઆરીના રોજ હિરકભાઈ દશરથભાઈ ભાટીયા (રહે. પ્રસારણ નગર, દાહોદ, તા.જિ. દાહોદ) અને તેની સાથે રાજભાઈ દિનેશભાઈ સંગાડીયા (રહે. સંગાડીયા ફળિયું, ગારખાયા, તા. જિ. દાહોદ) આ બંન્ને જણા પોતાના કબજાની એક ટુ વ્હીલર ગાડી પર વિદેશી દારૂનો જથ્થો લઈ હેરાફેરી કરતાં હતાં. આ દરમ્યાન બોરડી ઈનામી ગામેથી પસાર થતાં પોલીસની નાકાબંધી દરમ્યાન પોલીસે ઉપરોક્ત બંન્ને યુવકોને ઝડપી પાડી તેઓની પાસેના થેલાઓમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૧૧૭ કિંમત રૂા. ૨૭,૦૬૦ના પ્રોહી જથ્થા સાથે ટુ વ્હીલર ગાડીની કિંમત મળી કુલ રૂા. ૪૭,૦૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનના કસારવાડીના દારૂના ઠેકા પરથી ભરી આપ્યો હોવાનું જાણવા મળતાં કતવારા પોલીસે ત્રણેય જણા વિરૃદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ વિવેકાનંદ ચોક ખાતે ગાયત્રી પરિવાર દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૫૯ જન્મ જયંતિની ઉજવણી કરી



દાહોદ,

ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરીદ્વારના યુવા વિભાગ દ્વારા આજરોજ સ્વામી વિવેકાનંદજીની ૧૫૯મી જન્મ જયંતિ નિમિત્તે તેઓને દેશભરમાં સન્માતિ કરવા અને તેઓના વિચારોને જન જન સુધી પહોંચાડવા માટે દાહોદ શહેરના સ્વામી વિવેકાનંદ ચોક ખાતે આવેલ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પમાળા પહેરાવી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે દાહોદ જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા સ્વામી વિવેકાનંદને સન્માત, પુજન અને ગાયત્રી મહાદીપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આજના યુવાનોમાં સ્વામી વિવેકાનંદજીના વિચારો પહોંચે, યુવાનો તેઓના વિચારો આત્મજ્ઞાન કરે અને પોતાના જીવનને તે માર્ગ પર લઈ જાય જેથી યુવાનોનું જીવન પણ સ્વામી વિવેકાનંદજી જેવું થાય, દેશને પણ ગૌરવ પ્રાપ્ત થાય અને દેશની વિશ્વ સંસ્કૃતિ સ્વામીજીએ બનાવી હતી. જેને ઘર ઘર સુધી અને જન જન સુધી પહોંચે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.122

# શહેરાના અગ્રણી ધારાસભ્ય ઉપર વન વિભાગની જમીન પચાવી પાડવાના આક્ષેપના વિરોધ પ્રાંત અધિકારીને આવેદન

શહેરા,

પંચમહાલના શહેરા તાલુકા ભાજપ દ્વારા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પર તાલુકા પંચાયત સભ્યએ વન વિભાગની જમીન પચાવી પાડી હોય તેવા આક્ષેપ લગાવવામાં આવ્યા છે. તે પાયાવિહોણા હોવા સાથે જે. બી. સોલંકી સામે યોગ્ય કાર્યવાહી થાય તે માટે પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર આપ્યું હતું. સાથે ભાજપ અગ્રણીઓ દ્વારા ચાંદણગઢ મંદિર ખાતે જે મકાન બનાવવામાં આવ્યું હોય તે પૂજારી માટે બનાવવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પર આક્ષેપ કરનાર જશવંત સોલંકી સામે કાર્યવાહી કરવામાં નહીં આવે તો ભાજપ અગ્રણી અને કાર્યકર્તાઓ દ્વારા ભૂખ હડતાળની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

પંચમહાલના શહેરા તાલુકાના છાણીપ ગામની નજીકમાં આવેલ ચાંદણગઢ ખોડિયાર માતાજીનું મંદિર સાથે અનેક માઈ ભક્તોની આસ્થા જોડાયેલી છે. તાલુકા પંચાયત સભ્ય જશવંતસિંહ બળવતસિંહ સોલંકી દ્વારા વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ અને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પર જંગલની જમીન પર મકાન બનાવીને જમીન પચાવી પાડયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જ્યારે આ તમામ આક્ષેપોને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા પાયા વિહોણા હોવાનું જણાવ્યું હતું. જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જીગ્નેશભાઈ પાઠક તેમજ તાલુકા ભાજપ પ્રમુખ મગન પટેલીયાની આગેવાનીમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની કાર્યાલય ખાતે ભાજપના તાલુકા અને જિલ્લા પંચાયતના


તસ્વીર : તુષાર દરજી, શહેરા

ચૂંટાયેલા સભ્યો તેમજ સરપંચ અને મોટી સંખ્યામાં કાર્યકરો એકત્રિત થયા હતા. ભાજપ અગ્રણી અને કાર્યકર્તાઓ તાલુકા સેવા સદન ખાતે પહોંચી જઈને ભારત માતાકી જય સાથે પ્રાંત કચેરી ખાતે કોંગ્રેસ પક્ષના તાલુકા પંચાયત સભ્ય જે.બી.સોલંકી દ્વારા કરવામાં આવેલ પાયાવિહોણા આક્ષેપ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે માટે આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ચાંદણગઢ ખોડીયાર મંદિર પાસે બાંધકામ બાબતે વિરોધ કરવામાં આવ્યો છે. ખોડીયાર મંદિર ખાતે સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. જે દર્શનાર્થીઓ માટે પાણી પીવાથી માંડીને દર્શનાર્થીઓને જમવા રહેવાની સુવિધાઓ કરવામાં આવેલ છે અને આ મંદિર જંગલ વિભાગના મંદિર માટેનું રસ્તા સહિત ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ મંદિર ચાંદણગઢ ગામમાં આવેલ છે. જે મૂળ રેવન્યુ વિલેજ હતું. જે અગાઉના ડી.એલ.આર ની અલગ-અલગ નોંધોમાં જણાઈ આવેલ છે. જેથી જે આક્ષેપો કરવામાં આવેલા છે તે રાજકીય છે અને તદ્દન ખોટું છે. જંગલ વિભાગ દ્વારા રેકર્ડમાં રસ્તા ઓ બતાવવામાં આવેલ છે અને મંદિરની જમીન બાબતે ટ્રસ્ટ દ્વારા જમીન વેચાતી લઈ અને જંગલ વિભાગને આપી જમીનના બદલામાં મંદિરની જમીન લેવા બાબતે વન વિભાગમાં દરખાસ્ત કરવા સાથે રાજ્ય લેવલે તેની કાર્યવાહી શરૂ છે. જે.બી. સોલંકી પહેલાંથી જ સરકાર અને પ્રતિનિધિઓ સામે આક્ષેપો કરવા વારંવાર આરટીઆઈ કરવી અને આત્મવિલોપનની ચીમકી આપવી, ભૂખ હડતાલ પર બેસવું તેઓના કાર્યો છે અને તેમની સામે અગાઉ સૈનિક સ્કૂલ ખોલી ભરતીઓ કરવાના બહાને છોકરાઓ પાસેથી પૈસા ઉઘરાવી ચીટીંગ કરેલ જેની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે. જેથી તેઓ દ્વારા જે આક્ષેપો કરવામાં આવેલ છે, તે પાયાવિહોણા છે તો તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને આમ કરવામાં જો કસુર કરવામાં આવશે તો અમુક ભૂખ હડતાલ પર બેસવા પણ તૈયાર છીએ તો તેની સામે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે. જે રીતે તાલુકા પંચાયત સભ્યો દ્વારા ધારાસભ્ય જેઠા ભરવાડ પર જંગલની જમીન પચાવી પાડી હોવાનો આક્ષેપ કરવામાં આવતા હાલ તો સમગ્ર મામલે રાજકારણ ગરમાયું છે. તો બીજી તરફ તાલુકા ભાજપ અગ્રણી અને કાર્યકર્તાઓ આ બાબતને લઈને ભારે આક્રોશ પણ તેઓમાં જોવા મળી રહ્યો હતો.

> ચાંદણગઢ ખોડીયાર માતાજીના મંદિર સાથે માતાજીના ભક્તોની આસ્થા જોડાયેલી છે. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પર તાલુકા પંચાયત સભ્ય જશવંત સિંહ બળવતસિંહ સોલંકી દ્વારા જે આક્ષેપો લગાવવામાં આવ્યા તે તદ્દન પાયાવિહોણા હોવા સાથે જે.બી.સોલંકી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તાલુકા પંચાયત સભ્ય જશવંતસિંહ સોલંકી સામે કાર્યવાહી કરવામાં નહીં આવે તો મારા સહિતના કાર્યકર્તાઓ ભૂખ હડતાલ પર બેસવા માટેની તૈયારીઓ અમારી છે. મારા સહિત ભાજપ અગ્રણી અને કાર્યકર્તાઓ દ્વારા તાલુકા પંચાયત સભ્ય જશવંતસિંહ સોલંકી સામે ખોટા આક્ષેપ કરવાને લઈને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે માટે અમે આવેદનપત્ર આપ્યું છે.
> **જીગ્નેશ પાઠક ઉપ પ્રમુખ જિલ્લા ભાજપ.....**

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૨૯ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આજરોજ જીલ્લામાં ૨૯ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. ૧૭ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. સાથે કોરોના એકટીવ દર્દીની સંખ્યા ૧૯૬ સુધી પહોંચતા જીલ્લા આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે.

પંચમહાલ જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસ થી કોરોના સંક્રમણના દર્દીઓમાં ઉછાળો નોંધાઈ રહ્યો છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણના કેસને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. લોકોને માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરાઈ રહી છે. સાથે આરોગ્ય વિભાગ દ્વારા કોરોના સંક્રમણ સામે સુરક્ષા કવચ પુરી પાડતી કોરોના વેકસીનના પ્રથમ અને બીજા ડોઝ લઈ લેવા માટે અપીલ કરાઈ છે. પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. તે જોતાં આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે અને શંકાસ્પદ દર્દીઓને ટેસ્ટીંગ કરાવી લેવા આવે તે માટે ટેસ્ટીંગ ઉપર પણ ભાર મુકવામાં આવ્યો છે. આજરોજ જીલ્લામાં ૨૯ કોરોના પોઝીટીવ દર્દી નવા નોંધાવા પામ્યા છે. તેની સામે રીકવરી રેટ પણ સારો જણાઈ રહ્યો છે. આજરોજ ૧૭ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં હાલ એકટીવ કેસની સંખ્યા ૧૯૬ સુધી પહોંચી છે. જીલ્લામાં કોરોના સંક્રમણના વધતા દર્દીઓને લઈ જીલ્લા આરોગ્ય વિભાગ સર્તક બનીને સ્થિતી ઉપર ધ્યાન આપી રહ્યું છે.

**પંચમહાલ જીલ્લામાં આજના કોરોના પોઝીટીવ કેસ**

ગોધરા-૧૫
હાલોલ-૧૧
ગોધરા (ગ્રામ્ય)-૦૧
કાલોલ (ગ્રામ્ય)-૦૧
શહેરા (ગ્રામ્ય)- ૦૧

# શહેરાના મંગલિયાણા ગામની હાઈસ્કુલમાં કલાર્કનું માર્ગ અકસ્માતમાં મોત

શહેરા,

શહેરા તાલુકાના મંગલિયાણા ગામમાં આવેલી હાઈસ્કુલમાં સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા છત્રસિંહ ઉદેસિંહ પટેલનુ દલવાડા પાસે માર્ગ અકસ્માતમાં મોત થયુ છે. છત્રસિંહ પોતે બાઈક લઈને ગોધરા કામ અર્થે નીકળ્યા હતા. ત્યારે તેમની બાઈકને સામેથી આવતી બાઈકને ટક્કર મારતા બનાવ બન્યો હતો.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના મંગલિયાણા ગામમાં રહેતા અને એજ ગામની માધ્યમિક હાઈસ્કુલમાં સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા છત્રસિંહ ઉદેસિંહ પટેલ કામ અર્થે બાઈક લઈને નીકળ્યા હતા. ત્યારે દલવાડા ગામથી વિજાપુર તરફ જવાના માર્ગ ઉપર આવેલ સિંચાઈ તળાવ પાસે તેમને અકસ્માત થયો હતો.આ અકસ્માતમાં તેમની બાઈકને પુર ઝડપે સામેથી આવી રહેલ અજાણ્યા બાઈકચાલકે ટક્કર મારતા માધ્યમિક હાઈસ્કૂલના કલાર્ક છત્રસિંહ ઉર્ફે સી.યુ. પટેલને શરીરના માથાના ભાગે ગંભીર ઈજા થતા ઘટનાસ્થળે પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. બનાવની જાણ તાલુકા પોલીસને થતા પોલીસનો સ્ટાફ બનાવ સ્થળ ખાતે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી કરવા સાથે અજાણ્યા બાઈક ચાલકની શોધખોળ હાથધરી હતી. ઘટના સ્થળેથી મૃતકની લાશને પીએમ માટે ખસેડવામાં આવી હતી. દુઃખદ બનાવની જાણ મૃતકના પરિવારજનોને થતા ઘેરો શોક છવાયો હતો. મિલનસાર સ્વભાવના છત્રસિંહ ઉદેસિંહ પટેલ સી.યુ.પટેલના હૂલામણા નામથી મંગલીયાણા ગામમા જાણીતા હતા. તેમના અવસાનને પગલે તાલુકાના શિક્ષણ આલમ અને પરિવારમાં શોક વ્યાપ્યો છે. હાલ આ મામલે તેમના પુત્ર દ્વારા અજાણ્યા બાઈક ચાલક સામે પોલીસમથકે ફરિયાદ નોંધાવામા આવી છે.

# કાલોલ તાલુકામાં સગીરા ઉપર દુષ્કર્મના એક આરોપી ઝડપ્યો : બીજાના આપઘાત કરેલ મૃતદેહ મળ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસ પહેલા સગીર વયની વાળા સાથે દુષ્કર્મ આચાર એકની ધરપકડ અને બીજો અવાવરૂ જગ્યાએથી આત્મહત્યાં હાલતમાં મળી આવતા તાલુકામાં લોક ચર્ચા.

કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસ પહેલા એક સગીર વયની બાળકી ઉપર દુષ્કર્મ આચરનાર બે આરોપીઓની પોલીસે તપાસ હાથ ધરતા એક આરોપી પોલીસને હાથ લાગ્યો હતો. જ્યારે નાસી છુટેલા બીજો આરોપીની જે તે ગામના નજીકમાં નદીના કોતરમાંથી ગળે ફાંસો ખાધેલી હાલતમાં ડેથ બોડી હોવાનું પોલીસને જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી પંચોની સાક્ષીમાં ડેથ બોડીને પોસ્ટમોર્ટમ કરવા તાલુકાના આરોગ્ય મથકે પહોંચાડવાની કામગીરી હાથ ધરી હતી. હાલ આ ઘટના અંગે પોલીસ પણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ કઈ શકશે કે હત્યા છે કે આત્મહત્યા. જોકે દુષ્કર્મના એક આરોપીની ધરપકડ કર્યા બાદ પોલીસેને બીજા આરોપીની ગામ નજીક આવેલા તળાવ પાસેથી પસાર થતી નદીમાં કોતરમાંથી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરેલી હાલતમાં ડેથ બોડી મળી આવેલ છે. સદર ઘટનાને લઇ પોલીસે હવે ઘટતી કામગીરી હાથ ધરી હતી. જો કે આરોપીના ઘટના બનતા શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# ગોધરા આર્યુવેદિક અને હોમિયોપેથીક તબીબો દ્વારા બાળ સંરક્ષણ ગૃહના બાળકોને જરૂરી ચીજવસ્તુઓનું દાન કરાયું



ગોધરા,

દાનના મહાપર્વ કહેવાતા મકરસંક્રાંતિના આગલા દિવસે ગોધરાના આયુવેદિક અને હોમિયોપેથીક તબીબોનું વિશિષ્ટદાન કરવામાં આવ્યું હતું. જેમાં ગોધરા ખાતે આવેલ બાળ સંરક્ષણ ગૃહના બાળકો માટે જરૂરી ચીજવસ્તુઓનું દાન આપવામાં આવ્યું હતું. જેમાં બાળકો માટે દુધ પાવડર, પેમ્પર, સેરેલેક,બિસ્કિટ, કીટલી, કપડા, ચટ્ટાઈ જેવા સામાન નો મોટો જથ્થો આપી વિશિષ્ટ રીતે કરી મકરસંક્રાંતિની ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લાની પ્રજાના સ્વાસ્થ્યની ચિંતા કરતા આયુર્વેદ અને હોમિયોપેથીક તબીબોનું એસોસીએશન હવે સમાજ સેવામાં પણ અવિરત અગ્રેસર રહેવા પ્રયત્ન શીલ રહે છે.

જેમાં દાનના મહાપર્વ કહેવાતા ઉત્તરાયણના તહેવારની વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કરી તબીબોની એક ટીમ જેઓ આયુર્વેદ હોમિયોપેથીક ડોકટરના એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ એ બાળ સંરક્ષણ ગૃહ જઈ અહીં રહેતા બાળકો માટે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનો શક્ય મોટો જથ્થો આપીને દાનના પર્વની એક પ્રકારની ઉજવણી કરી હતી અને સાચા અર્થમાં સમાજના સારા સ્વાસ્થ્યની ચિંતા કરનાર તરીકેની ઓળખ યથાર્થ કરી હતી.

આ ઉજવણીમાં આયુર્વેદ હોમિયોપેથીક ડોક્ટર એશો. પ્રમુખ ડો. દિલીપ દાસીયાની, સેક્રેટરી ડો હર્ષદ મહેરા, ઉપપ્રમુખ ડો.વિજય પટેલ તેમજ ડો.શ્યામ સુંદર શર્મા, ડો.જયકીશન, ડો.અજય ભોઈ સમગ્ર એશો.વતી થી ઉપસ્થિત રહી આ દાન આપ્યું હતું.

# પંચમહાલ જિલ્લા ખેતીવાડી જિલ્લા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા શ્રમયોગીને લાભોઆપવાનો મજુર અદાલત ગોધરાનો આદેશ થતા નોકરી કરતાં શ્રમયોગીઓમાં આનંદની લાગણી

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલ અધિક્ષક જિલ્લા ખેતીવાડી અધિકારી જિલ્લા પંચાયત કચેરીમાં તારીખ ૧૬/૭ /૮૪થી બેનોર પેટા વિભાગ ચોકીદાર તરીકે ફરજ બજાવતા સમરસિંહ સોમાભાઈ પટેલ કે જેઓની નોકરીના આ દરમિયાન સરકારના નિયત કરેલ નિયમો અન્વયે તેઓને મકાન અને માર્ગ વિભાગના માજી મંત્રી દોલતભાઈ પરમારના અદયક્ષ સ્થાને મળેલ મિટિંગમાં નિયત કરેલ પરિપત્ર મુજબ કામદારના પાંચ વર્ષ પૂર્ણ થતા કામદારને સરકાર નિયત કરેલ પરિપત્રના લાભ આપવાનું શરૂ કરેલ પરંતુ આ અરસા દરમિયાન અરજદાર વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં કોઈ ગુનો નોંધાતા અરજદારને તેમની ફરજમાંથી છૂટા કરે તેમની સામે નોંધાયેલ ગુનાની કાનૂની કાર્યવાહી હાથ ધરાતાં અરજદાર નિર્દોષ જાહેર થયેલ ત્યારબાદ અરજદારને પુનઃ નોકરી ઉપર હાજર કરેલ પરંતુ તેઓને સરકારના તા૧૭/૧૦/૮૮ ના પરિપત્ર લાભોથી વંચિત રાખી રોજમદા તરીકે ફરજમાં હાજર કરેલ જે બાબતે અરજદારે સરકારના તારીખ ૧૭/૧૦/૮૮સુધીના પરિપત્ર નો લાભ છીનવાઈ જતા અરજદારે ગુજરાત સ્ટેટ્સ લેબર ફેડરેશન ના પ્રમુખ એ.એસ.ભોઈનો સંપર્ક કરી તે હકો પરત મેળવવા નામદાર મજુર અદાલત ગોધરા ખાતે રેફરન્સ ડિમાન્ડ ૨૫/૨૦૦૬ દાખલ કરેલ જે કેસમાં અરજદાર તરફે સંતોષ એ.ભોઈ તથા વૈભવ ભોઈએ ફેડરેશનના પ્રમુખના માર્ગદર્શન હેઠળ નામદાર ગુજરાત હાઈકોર્ટના જરૂરી ચુકાદાઓ રજૂ કરી દલીલો કરતા મજુર અદાલત ના ન્યાયાધીશ ડી.જે. વ્યાસે આ દલીલો તથા કેસમાં પડેલા પુરાવા ગ્રાહ્ય રાખી અરજદારને સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર ના લાભો તારીખ ૧/૧૨/૧૧ થી પગાર તથા પગાર તફાવત તફાવતની રકમ ચૂકવી આપવાનો આદેશ કરતા ખેતીવાડી વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં લાભ મળતા આનંદની લાગણી પ્રવર્તી છે.

# નાલંદા વિદ્યાલય ઘોઘંબા ખાતે માહિતી અને પ્રસારણ મંત્રાલય ગોધરા દ્વારા વિશેષ જન સંપર્ક કાર્યક્રમ યોજાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા ખાતે આવેલી નાલંદા વિદ્યાલયમાં આજરોજ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે માહિતી અને પ્રસારણ મંત્રાલય ગોધરા તથા સહેલી ટ્રસ્ટના સહયોગ થી વિશેષ જન સંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના ટ્રસ્ટી ભગવતીબેન જોષી, સ્કૂલના આચાર્યા નેહલબેન જોષી તથા સ્ટાફ, વિદ્યાર્થીઓ અને સ્થાનિક ગોઠ ગામના નાગરિકો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ગોધરા થી માહિતી અને પ્રસારણ મંત્રાલય માંથી અધિકારી હાજર રહ્યા હતા અને વર્તમાન સમયમાં કોરોનાની પરિસ્થિતિમાં પોતાની તથા પરિવારની સલામતી માટે સરકારની ગાઈડ લાઈનનું પાલન કરવાની ખાસ અપીલ કરી હતી. ઉપરાંત ભગવતીબેન જોષી દ્વારા સ્વચ્છતા અને સ્વયં શિસ્ત વિષયક વક્તવ્ય આપ્યું હતું. જેનો લાભ ગામના લોકોએ તથા શાળા પરીવારના વિદ્યાર્થીઓ અને આમંત્રીતોએ લીધો હતો. કાર્યક્રમના અંતમાં નેહલબેન જોષી દ્વારા સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને સૌને સલામતી અને સાવચેતી સાથે ઉત્તરાયણનો તહેવાર મનાવવા અપીલ કરી હતી.

# ગોધરા તાલુકાના બામરોલી ખુર્દ ભેખડીયા ગામે દારૂની ભઠ્ઠીની ડ્રોમની વિડીયોગ્રાફી ૩ ઈસમોને ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના બામરોલી ખુર્દ ભેખડીયા ગામે મેશરી નદીમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ચાલતી હોવાની બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે ડ્રોન કેમેરાની મદદથી વિડીયોગ્રાફી કરી ૩ ઈસમો દેશી દારૂ સાથે ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના બામરોલી ખુર્દ ભેખડીયા ગામે મેશરી નદીમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ચાલતી હોવાની બાતમી મળેલ હોય જેના આધારે એલ.સી.બી. પોલીસે બામરોલી ખુર્દ ભેખડીયા ગામે મેશરી નદીમાં ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી વિડીયોગ્રાફી કરી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ જણાઈ આવતાં પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન હેમાભાઈ જેસીંગભાઈ પટેલ, ગોપાલ ગુલાબભાઈ પટેલ, ભુવનભાઈ ભાવસીંગ પટેલને ઝડપી પાડવામાં આવ્યા.


## ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરા
## પ્રભારોડ, ગોધરા, જી.પંચમહાલ
## ફોન (૦૨૬૭૨) ૨૯૬૭૫૦
## જાહેર નિવિદા

ઔદ્યોગીક તાલીમ સંસ્થા ગોધરાના અમલીકરણ હેઠળ ગુજરાત સરકારના વનબંધુ કલ્યાણ ચોજના અંતર્ગત ન્યુ ગુજરાત પેટર્ન તેમજ બીજરૂપ ના વર્ષ-૨૦૨૧-૨૦૨૨ પંચમહાલ જીલ્લાના ગોધરા ઘોઘંબા, હાલોલ, કાલોલ, શહેરા અને મોરવા (હડફ) તાલુકામાં મંજુર કરવામાં આવેલ વિવિધ તાલીમ વર્ગો ચલાવવા માટેની સંસ્થા/એજન્સી/મંડળોની પસંદગી કરવા માટે આવા કામમાં અનુભવી સંસ્થા/એજન્સી/મંડળોને ટેન્ડરો ભરવા માટે આમંત્રિત કરવામાં આવે છે. સદર ટેન્ડરો અને ટેન્ડરોની વિગતો સંસ્થાના કામકાજના નીચે મુજબના દિવસો દરમિયાન રૂબરૂમાં મેળવી શકાશે.

ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ :- ૧૭/૦૧/૨૦૨૨
ટેન્ડર જમા કરવાની તારીખ :- ૦૭/૦૨/૨૦૨૨
ટેન્ડર ખોલવાની તારીખ :- ૧૦/૦૨/૨૦૨૨
(સંસ્થાના કામકાજના સમય દરમિયાન)
કોઈપણ કારણ જણાવ્યા વગર ટેન્ડર કે ટેન્ડરો રદ કરવાનો કે સ્વીકારવાનો અબાધિત હક્ક સંસ્થાના વડાનો રહેશે.

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરા

માહિતી/ગોધરા/૮૪૭/૨૦૨૨



## ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નંબર ૮, ગાંધીનગર

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬
વિષય : શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ (વકફ)

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી અબ્બાસ આદમ તાસીયા મુ.ગોધરા, જી.પંચમહાલ નાઓ એ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ જંગમ/સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામા દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો./હે. | તાલુકો અને જીલ્લો | મિલ્કતનો પ્રકાર | સર્વે નં./મિલ્કત નં. | ચો.ફુટ |
|---|---|---|---|---|
| મુ.પો. ગોધરા | તા.ગોધરા, જી.પંચમહાલ | ખાનગી પ્લોટ, | રેવન્યુ સર્વે નં.૪૫૫ પૈકી ૧૯, સીટી સર્વે નં.૫૪૩ પ્લોટ નં.૯. | ૧૧૨ |
| મુ.પો. ગોધરા | તા.ગોધરા, જી.પંચમહાલ | ખાનગી પ્લોટ, | રેવન્યુ સર્વે નં.૪૫૫ પૈકી ૧૯, સીટી સર્વે નં.૫૪૩ પ્લોટ નં.૧૦. | ૧૧૨ |
| મુ.પો. ગોધરા | તા.ગોધરા, જી.પંચમહાલ | ખાનગી પ્લોટ, | રેવન્યુ સર્વે નં.૪૫૫ પૈકી ૨૦, સીટી સર્વે નં.૫૪૩ પ્લોટ નં.૧૧. | ૧૧૨.૫૦ |
| મુ.પો. ગોધરા | તા.ગોધરા, જી.પંચમહાલ | ખાનગી પ્લોટ, | રેવન્યુ સર્વે નં.૪૫૫ પૈકી ૧૦, સીટી સર્વે નં.૫૪૩ પ્લોટ નં.૧૨. | ૧૨૦ |
| મુ.પો. ગોધરા | તા.ગોધરા, જી.પંચમહાલ | ખાનગી પ્લોટ, | રેવન્યુ સર્વે નં.૪૫૫ પૈકી ૧૦, સીટી સર્વે નં.૫૪૩ પ્લોટ નં.૧૩ | ૧૧૨ |

ઉકત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર ની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયે મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ. એચ. ખુમાર)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર




**અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગોધરા શાખા દ્વારા સ્વામી વિવેકાનંદજીની ૧૫૯ જન્મજયંતી અને રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે યુવા સંમેલન લો કોલેજ ગોધરા ખાતે યોજવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો.જેમાં એબીવીપી ગુજરાતના પ્રદેશ સહમંત્રી આનંદભાઈ પારેખ અને લો કોલેજના આચાર્ય પ્રા. અપૂર્વભાઈ પાઠક વિશેષ ઉપસ્થિત રહ્યા.**



**તા.૧૨.૦૧.૨૨ને બુધવારના રોજ દાહોદ જીલ્લાની લીમખેડા તાલુકાની દુધીયા મુખ્ય પ્રા.શાળામાં જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દાહોદ દ્વારા પ્રેરિત એફ.એલ.એન. વિદ્યાર્થી કાર્યપોથી કુલ-૩૫૦ જેટલી દુધીયા ગામના આગેવાન એવા દાતા હિંમતસિંહ બી.પરમાર દ્વારા આપવામાં આવી. જે કાર્યપોથી ધોરણ ૧ થી ૮ ના બાળકોને શિક્ષકો દ્વારા ઘરે ઘરે જઈ વિતરણ કરવામાં આવી.**